



# ખેડબ્રહ્મામાં ‘મા’ના ધામ પર (બાવન) ગજ ધજા સાથે મંદિરે માનવ મહેરામણ ઉભરાયું

ખેડબ્રહ્મામાં દુરદુર થી આવતા સંઘો ખેડબ્રહ્મા માં અંબાના દર્શન કરી આગળ વધે છે જેમાં કેટલાક સંગો મોટી ધજો સાથે આવી છે એક સંઘ ૫ ૨ ગજની ધજા સાથે ખેડબ્રહ્મા દર્શન કરી આગળ અંબાજી જાવા રવાના થયો હતો અવિરત વરસાદમાં પણ માઈ ભક્તોમા કોઈ ઓટ નહીં જાણે ચાલું વરસાદમાં માનવ સાંકળ સર્જાય. ખેડબ્રહ્મામાં શુક્રવારના રોજ ઝરમર વરસાદ ચાલુ હોવા છતાં મા અંબામાં શ્રદ્ધા ધરાવતા સંઘો ક્લાત્મક રથને મીણિયાથી ઢાંકી ચાલુ વરસાદે પણ અવિરત આગળ વધતા નજરે પડી રહ્યા હતા. જનમેદની આવકારો આપવા તેમજ કોઈ પણ જાતની તકલીફ ન પડે તે માટે તંત્ર અને ટસ્ટી ગણખડે પગે માતાજી મંદિર સ્ટાફ સતત કાર્યરત ખેડબ્રહ્મા અંબીકા માતાજી મંદિર થી દર્શન કરી પદયાત્રી આગળ મોટા અંબાજી તરફ રવાના થઈ રહયા છે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાનાંની ગીરીમાળા ઓ જય અંબેના ઘોસથી ગુંજી ઉઠી જાણે માનવ સાંકળ સર્જાઈ છે. અંબાજી મંદિર આજરોજ શરું થતાં મેળામાં પદયાત્રી ની જાણે કીડીયારુ ઉભરાઈ આવ્યું હોય તેવું લાગી રહ્યું છે રસ્તામાં અરવલ્લી ની ગીરીમાળા માં સામીયાણા બંધાયા છે ઠેર ઠેર સેવા ભાવી મિત્રો એ જમવાનું આયોજન કરવામાં આવ્યાં છે. દવાઓ મોબાઈલ ચાર્જિંગ સેવા અને નાસ્તો પણ અપાય છે જ્યારે પદયાત્રી માની ધજા લઈ જય અંબેનાં ઘોષ આગળ વધી રહ્યા છે.

# મજાદરમાં સ્થાનિક પંચાયત દ્વારા મંજુરી મેળવ્યા પહેલાં જ વહીવટી તંત્રની અવગણના કરીને પોતાની ચલાવી

### મજાદરના મેળામાં કોની મહેરબાનીથી ચકડોળો ગોઠવાઇ : મજાદરના મેળામાં અમદાવાદવાળી થશે તો જવાબદારી કોની ?

વડગામ,

વડગામ અને પાલનપુર તાલુકાના?

તો મજાદર ના મેળામાં કોની મહેરબાની થી ચકડોળો ગોઠવાઈ છે તેવા સવાલો લોકો દ્વારા



મેળામાં ચકડોળો ની પરમીશન આપવામાં આવી ન હતી.રૂપાલ અને પારપડાના મેળામાં તો ગોઠવાયેલી ચકડોળો ને પોલીસ દ્વારા બંધ કરાવડાવી ને ચકડોળો ને જ ખોલી દેવડાવી હતી.રૂપાલ માં તો ગામના કેટલાક આગેવાનો વડગામ મામલતદાર કચેરીએ દોડી જઈ ને મામલતદાર ને ચકડોળો ચાલુ કરાવવા માટે માંગ કરાઈ હતી.પરંતુ મેળામાં અમદાવાદ વાળી ઘટના ન ઘટે તે માટે તમામ વહીવટી તંત્ર એક બનીને
રૂપાલના,પિલુચા,વડગામ,અને પારપડાના મેળામાં ચાલુ ચકડોળો ને પોલીસ દ્વારા બંધ કરાવીને ચકડોળો ખોલી દેવડાવી હતી તો વડગામ ના મજાદર માં રામાપીરના મંદિરે યોજાનાર મેળામાં ચકડોળો ની પરમીશન કોને આપી ? કોની મહેરબાની થી ચકડોળો ગોઠવાઈ છે.શુ મજાદર ના મેળામાં ગોઠવાયેલી ચકડોળો પોલીસને દેખાઈ નથી તેવા અનેક સવાલો લોકોમાં થઈ રહ્યા છે.મજાદરના મેળામાં પંચાયત દ્વારા કોઈ જ સુવીધાઓ કરાઇ નથી માત્ર મેળામાં ગોઠવાતી દુકાનદારો પાસેથી મોટા પ્રમાણમાં ઉઘરાણું કરાતું હોવાની ચર્ચા ઓ પણ લોકો માં થઈ રહી છે.અત્યારેતો મજાદર માં ગોઠવાયેલી ચકડોળો લોકોમાં ટોક ઓફ ધ ટાઉન બની છે.અને તંત્ર ની બેવડી નીતિ સામે પણ અનેક સવાલો ઉભા થવા પામ્યો છે.

મજાદર ના મેળામાં ગોઠવાયેલી તોતિંગ ચકડોળો માં જો કોઈ ઘટના સર્જાશે તો જવાબદારી કોની.તેવા સવાલો આમજનતા માં તંત્ર સામે થઈ રહ્યા છે.

મેળાઓમાં ચકડોળો ની પરમીશન આપવામાં આવી ન હતી અને ગોઠવાયેલી ચકડોળો બંધ કરાવવા પોલીસને મધ્યસ્થી બનવું પડ્યું હતું

થઈ રહ્યા છે.

વડગામ તાલુકાના રૂપાલ વડગામ પિલુચા અને પાલનપુર તાલુકાના પારપડા ના



## પ્રાંતિજ ખાતે ભીલ સમાજ દ્વારા રામાપીરના નવનેજા સાથે ભવ્ય શોભાયાત્રા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા ભીલ સમાજના મારવાડી ધર્મ પ્રેમીઓ દ્વારા શ્રી રામાપીરના નવનેજાની ભવ્ય શોભાયાત્રા કાઢી હતી જેમાં પ્રાંતિજ ખાતે વર્ષોથી વસવાટ કરતા મારવાડી સમાજના ભાઈ બહેનો દ્વારા ધંધા રોજગાર બંધપાડી શોભાયાત્રામાં જોડાયા હતાં. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રી રામાપીરના મંદિરેથી ભાદરવા વદ નોમના દિવસે રામાપીર યુવક મંડળ તથા ભીલ-મારવાડી સમાજ ના લોકો દ્વારા નવનેજાની ભવ્ય શોભા યાત્રા કાઢી હતી જેમાં રેલ્વે સ્ટેશનથી નીકળેલ શોભાયાત્રા ભાંખરીયા બસ સ્ટેન્ડ બજારચોક વિસ્તારો માં થઈને પરત રેલ્વે સ્ટેશન મંદિર ખાતે પરત ફરી હતી અને રામાપીર માં અખૂટ શ્રધ્ધા ધરાવતા ભીલ સમાજના લોકોએ આ ઉત્સવની ઉજવણી દબદબાભેર સંપન્ન કરી હતી



## જુનાડીસા રામપીર મંદિરે નેજા ચઢાવાયા....

ડીસા તાલુકાના જુનાડીસા ગામે આવેલ આસ્થા સ્થાનક નકલંગ નેજાધારી બાબા રામદેવના મંદિરે ભાદરવા સુદ ૯ ના રોજ પરંપરાગત રીતે નેજા ચઢાવયા હતા ત્યારે અબીલ ગુલાલની છોળો વચ્ચે 'જય બાબેરી' ના જય ઘોષથી ગગન ગુંજી ઉઠ્યું હતું. ભાવિક ભાઈ બહેનોએ બાબા રામદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ તમામને પ્રસાદનું વિતરણ કરાયું હતું.

# જુના ડીસામાં સતત ૯મા વર્ષે તાજીયા જુલુસ નહીં નીકળે

### જાલોરી મુસ્લિમ જમાતનો ઐતિહાસિક નિર્ણય

### ગામની એકતા જાળવવાનો સરાહનીય પ્રયાસ

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાને અડીને આવેલા જુના ડીસા ગામના જાલોરી મુસ્લિમ જમાતે સતત નવમા વર્ષે તાજીયા જુલુસ નહીં નિકાળવાનો ઐતિહાસિક નિર્ણય લઈ અગાઉ આ ઉજવણી કાયમી ધોરણે બંધ રાખવા કરેલ ઠરાવ અકબંધ જાળવી રાખવાની ઉચ્ચ સ્તરે રજૂઆતો પણ કરી છે.

કોમી એકતા માટે વખણાતાં જુનાડીસા ગામે અઢારેય વરણના લોકો હળીમળીને ભાઈચારાની ભાવનાથી રહે છે. વિપરીત અને વિષમ સ્થિતિમાં પણ સંત મૌલાઓની પુણ્યવન્તિ ધરતીના પ્રતાપે ગામની એકતા અકબંધ રહી છે જે અજાયબી પાછળ તમામ સમાજના આગેવાનોનો વતન પ્રેમ અને સમજણ છુપાયેલ છે. જેના થકી ગામે ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે હરણફાળ વિકાસ સાધ્યો છે. તેથી એકતા મુદ્દે ગામનું નામ અગ્ર ક્રમે આદરપૂર્વક લેવાય છે જેનું ગામના યુવાનો પણ ગૌરવ અનુભવે છે.પરંતુ સમયના વહેણ સાથે આજે ટીવી-મોબાઈલના અતિક્રમણને લઈ પરિવારો સાથે સમાજ વિખેરતા જાય છે સ્વાર્થવૃત્તિ અને અસલામતીની ભાવના ઘર કરી રહી છે. ચોમેર અંધાધૂંધી અને અરાજકતા સર્જાઈ છે તેમછતાં ગામના શિક્ષિત જાલોરી (જાગીરદાર) મુસ્લિમ સમાજે નામ પ્રમાણે દિલેરી દાખવી ગામની એકતાને ઉની આંચ પણ ન આવે તેવા એકમાત્ર મકસદથી સને ૨૦૧૧ થી તાજીયા જુલુસ ઉપર કાયમી પ્રતિબંધ ઠરાવી દીધો છે.

જેના સખત અમલ માટે તેઓ સજાગ પણ છે. આ વખતે પણ જમાતનાં ટ્રસ્ટી હાજી સિકંદરખાન ઘાસુરા સહિતના આગેવાનોએ રૂરલ પોલીસ સહિત ઉચ્ચ સ્તરે જુલુસની તમામ ક્રિયાઓ બંધ છે તેથી કોઈને પરવાનગી ન આપવા લેખિત રજૂઆતો કરી છે. એટલું જ નહીં,તાજીયાનાં બહાને કેટલાક આવારા તત્વો બહારના લોકો સાથે મળી જઈ ધર્મની આડમાં ખોટો ફંડ ફાળો ઉઘરાવી તેના દુરુપયોગ થકી નવી પેઢીને ગુમરાહ કરી ભયનો માહોલ સર્જી ગામની એકતા અને અમન શાંતિને જોખમાવતા હોવાના ગંભીર આક્ષેપો કરી તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ પણ કરી હતી.મુસ્લિમ સમાજની આ દૂરંદેશીને સો સો સલામ.

# પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ અને જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ ની ચૂંટણી યોજાઈ જેમાં તાલુકા ના શિક્ષિકો દ્વારા પ્રાંતિજ ખાતે મતદાન કર્યું.



સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ તથા પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ ની ચૂંટણી પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંતિજ શાળા નંબર-૨ ખાતે યોજાઈ હતી જેમાં પ્રાંતિજ તાલુકા ચુંટણી અધિકારી કૌશિકભાઈ પટેલ ના અધ્યક્ષતામા શાંતિપૂર્ણ વાતાવરણ માં ચુંટણી યોજાઈ હતી તો તાલુકા ના કુલ- ૭૦૦ શિક્ષક મતદારો પોતાનો મતાધિકારનો ઉપયોગ કરશે તો તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ માં પ્રમુખ માટે ત્રણ ઉમેદવારો એ ઉમેદવારી નોધાવી છે જેમાં (૧) અરવિંદભાઈ બહેચરભાઈ પટેલ (૨) દિલીપભાઈ ગાંડાભાઈ પટેલ (૩) મીઠાલાલ પુરૂપોત્તમદાસ પટેલ તો મંત્રી માટે પણ ઉમેદવારો એ ઉમેદવારી નોધાવી હતી જેમાં (૧) કલ્પેશકુમાર હીરાલાલ પટેલ (૨) જીતેન્દ્ર કુમાર દેવજીભાઈ પટેલ (૩) રાજેન્દ્રસિંહ પરબતસિંહ ઝાલા અને ઉપપ્રમુખ માટે બે ઉમેદવારો એ ઉમેદવારી નોધાવી છે જેમાં (૧) અનવરહુસેન રસુલભાઈ મનસુરી (૨) મહેન્દ્ર કુમાર સાંકળદાસ પટેલ તો જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ માં પ્રમુખ માટે ના ત્રણ ઉમેદવારો એ ઉમેદવારી નોધાવી છે જેમાં (૧) ગીરીશભાઈ નાથાભાઈ પટેલ (૨) દિનેશકુમાર ખીમજીભાઈ અસારી (૩) વંદના બેન કેશવલાલ પટેલ તો મહામંત્રી માટે પણ ત્રણ ઉમેદવારો એ ઉમેદવારી નોધાવી છે જેમાં (૧) અરવિંદભાઈ કેશવલાલ પટેલ (૨) કિર્તીબહેન નાથાભાઈ પટેલ (૩) રાજેન્દ્ર કુમાર શંકરલાલ પ્રજાપતિ તથા ઉપપ્રમુખ માટે પણ ત્રણ ઉમેદવારો એ ઉમેદવારી કરી છે જેમાં (૧)ચિરાગભાઈ જેસીંગભાઈ પટેલ (૨) ચંદુભાઈ ખીમજીભાઈ પટેલ (૩) મહેશકુમાર કચરાભાઈ પટેલ તો સહમંત્રી માટે બે ઉમેદવારો એ ઉમેદવારી કરી છે જેમાં (૧) મહેશકુમાર રામજીભાઈ પરમાર (૨) સંદીપભાઈ લખાભાઈ પટેલ તો સવાર ના અગિયાર વાગ્યા થી સાંજના છ વાગ્યા સુધી મતદાન યોજાશે અને સાંજે પ્રાંતિજ ખાતે ગુજરાતી શાળા નંબર-૨ મા ખાલી પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ ની મતગણતરી હાથ ધરવામાં આવશે.

# ઉત્તર ગુજરાતના ૨૫૦૦ હોમગાર્ડ જવાનો પૂનમના મેળામાં ફરજ બજાવશે

બનાસકાઠાના યાત્રાધામ અંબાજી ખાતે સાત દિવસ ભાદરવી પૂનમનો મહા મેળો યોજાના છે.જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ઉત્તરગુજરાતમાંથી ૨૫૦૦ હોમગાર્ડ જવાનોને ફરજ સોપવામાં આવી છે.જેથી આજરોજ બનાસકાંઠાના ૧૨૦૦ હોમગાર્ડ જવાનોને જુદા-જુદા યુનિટ ખાતેથી અંબાજી બંદોબસ્ત માટે રવાના કરવામાં આવ્યા હતા. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસના ખભેખભો મિલાવીને હોમગાર્ડ જવાનો ફરજ બજાવી રહ્યા છે. બનાસકાંઠાના યાત્રાધામ અંબાજી ખાતે તા.૭ થી ૧૪ સપ્ટેમ્બર દરમીયાન ભાદરવી પૂનમનો મહા મેળો યોજાર છે.જેમાં જિલ્લા કમાન્ડન્ટ રમેશભાઈ પંડ્યાની સુચનાથી જિલ્લાના ૧૨૦૦ હોમગાર્ડ જવાનોને ભાદરવી પૂનમના મેળામાં બંદોબસ્ત ફાળવવામાં આવ્યા છે. જેથી પાલનપુર ઓફિસર કમાન્ડર પ્રસાંતભાઈ ગૌસ્વામી દ્વારા પાલનપુર યુનિટના હોમગાર્ડ જવાનોને હોમગાર્ડ કચેરી ખાતેથી અંબાજી જવા માટે રવાના કરવામાં આવ્યા હતા. સમગ્ર બંદોબસ્ત ઈન્ચાર્જ હોમગાર્ડ સબ ઈન્સપેકટર એલ.એચ.વ્યાસએ જણાવ્યુ હતુ કે, ભાદરવી પુનમના મેળામાં અરવલ્લી, પાટણ, મહેસાણા, પોરબંદર અને કચ્છ અને બનાસકાંઠાના કુલ ૨૫૦૦ હોમગાર્ડ જવાનોને ભાદરવી પૂનમના મેળા માટે ફરજ સોપવામાં આવી છે.



# કેશરપુરામાં ગણેશ વિસર્જનમાં ડૂબેલા ૬ યુવકોની અંતિમયાત્રામાં ગ્રામજનો હીબકે ચઢ્યા : કોણ કોને આશ્વાસન આપે...?

મોડાસા, તા. ૭

કેશરપુરા ગામના ગ્રામજનો શુક્રવારે ખડોલ ગામ નજીક પસાર થતી વાત્રક નદીમાં ગણપતિ બાપ્પા મોરિયાના નાદ સાથે ઉમંગ-ઉલ્લાસ સાથે પહોંચ્યા હતા ગામના ૭ યુવકો વાત્રક નદીના વહેણમાં તણાતા એક યુવકને સ્થાનિકોએ બચાવી લીધો હતો ૬ યુવકો પાણીમાં ગરકાવ થઈ જતા મોત નીપજ્યું હતું રાત્રી સુધી ૫ યુવકોની લાશ મળી આવી હતી જયારે શનિવારે સવારે એનડીઆરએફ ની ટીમે એક યુવકનો મૃતદેહ બહાર કાઢતા તમામ મૃતદેહને ધનસુરા સરકારી દવાખાને પીએમ માટે ખસેડી શનિવારે ૭ યુવકોના મૃતદેહને અંતિમક્રિયા માટે ગામમાં લવાતા પરિવારજનોના હૈયાફાટ રૂદનથી સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ હતી મોટી સંખ્યામાં લોકો અંતિમવિધિમાં ઉપસ્થિત રહી પરિવારજનોને સાંત્વના આપી હતી

કેશરપુરાના ૬ યુવકો ગણેશ વિસર્જન માં વાત્રક નદીમાં ડૂબી જતા મોત નીપજ્યું હતું કેશરપુરા ગામે શનિવારે બપોરે એક સાથે ૬ યુવકોની અંતિમવિધિ કરવામાં આવી હતી. એક જ ગામમાં છ-છ અર્થી ઉઠતા આખું ગામ હિબકે ચડ્યું હતું.ગામ સજ્જડ બંધ ગામના છ-છ યુવકો અકસ્માતમાં મોતને ભેટતા આખા ગામે સજ્જડ બંધ પાડ્યો હતો. ગામમાં કોણ કોને સાંત્વના આપે તેવી પરિસ્થિતિ ઉભી થઈ હતી.

કેશરપુરા ગામના છ યુવકોના મોત થી સમગ્ર પંથકમાં ભારે ગમગીની છવાઈ હતી સમગ્ર ગામ શોકમાં સરી પડ્યું હતું ગણેશ વિસર્જન કરવા ગયેલા ગ્રામજનો અને વિસર્જન યાત્રમાં જોડાયેલા યુવકો તેમના પરિવાજનો કે ગ્રામજનોને આવી કલ્પના પણ નહિ હોય કે વિઘ્નહર્તા દેવના વિસર્જનમાં આ રીતે ૬ યુવકોની જિંદગીનો અંત આવી જશે આ કરુણતીકા સર્જાતા બનાવના પગલે કેશરપુરા ગામમાં શુક્રવાર સાંજથી ચૂલા સળગ્યા ન હતા.